RESEARCH REVIEW
The Academic Research Issue
Open Access, Peer-Reviewed & Refereed Journal
An International Multidisciplinary Journal
ISSN: 2321-4708
Vol.1, Issue: 152, April: 2025
Paper ID: RRJ769399
www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-1-issue-152-april-2025/RRJ769399

# કચ્છ સ્ટેટ નો ઈતિહાસ અને તેના ઐતિહાસિક ચલણી સિક્કાઓ

લેખક
ડૉ. દિવ્યજીતસિંહ એલ. ગોહિલ
*આસિસ્ટન્ટ પ્રોફેસર (ઇતિહાસ),* શ્રી મારુતિ વિદ્યામંદિર ગ્રૂપ ઓફ કોલેજીસ,
મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી, ભાવનગર

**પ્રસ્તાવના:**

ઇતિહાસના કેન્દ્રમાં માનવી રહેલો છે. માનવી સામાજિક પ્રાણી ગણાય છે. સાથે સાથે તે આર્થિક બાબતો સાથે પણ સંકળાયેલો છે કારણ કે પ્રાચીન સમયથી જ માનવી આર્થિક વહિવટ માટે તથા આર્થિક નિયમન માટે વિવિધ વસ્તુઓમા અન્ન, પાલતુપ્રાણી, ધાતુના ગઠ્ઠા,કોડી વગેરે નો ચલણ મા ઉપયોગ થતો આવ્યો છે. એ જ રીતે વર્તમાન સમયમાં નાણાનો ઉપયોગ થાય છે. એવી જ રીતે ગુજરાતમાં પણ દેશી રજવાડાઓના ના સમયગાળા દરમિયાન આર્થિક નિયમન માટે વિવિધ રાજ્યોમાં અલગ-અલગ ચલણી સિક્કાઓ અસ્તિત્વમાં હતા. આ સમયે તે સિક્કાઓ તાંબા પિત્તળ સોના-ચાંદી વગેરે ધાતુ ના જોવા મળતા હતાં જેના અવશેષો આજે પણ જોવા મળે છે. આવા જ કેટલાક સિક્કા વિશે આપણે વિગતે માહિતી જોઈએ.

**1. કચ્છ રાજ્યનો ઇતિહાસ**

વિસ્તારની દ્રષ્ટિએ કચ્છ ગુજરાત રાજ્યનો સૌથી મોટો જિલ્લો છે.કચ્છ રાજ્ય પર મુખ્યત્વે ત્રણ વંશોએ શાસન કરેલું તેમાં પ્રથમ ચાવડા ત્યારબાદ સામંત અને છેલ્લે જાડેજા વંશના શાસન કરેલુ કચ્છ પ્રદેશ પહેલા ચાવડાઓ રાજ કરતા હતા અને તેની રાજધાની પાટગઢ હતી અહીંનો પ્રખ્યાત રાજવી વીરમ ચાવડા આશરે નવમી સદીની આસપાસ થઈ ગયો .આ ચાવડા વંશ અને સામંત વંશ ના રાજ્યો કચ્છ પ્રદેશ પર લાંબુ શાસન ચલાવી શક્યા નહીં ત્યારબાદ જાડેજા વંશ ની સ્થાપના થઇ અને આ જાડેજા વંશ પોતાને ચંદ્રવંશી તથા કૃષ્ણના યાદવ કુળના હોવાનો દાવો કરે છે . ચંદ્રથી ૧૩૭મા ક્રમે અને કૃષ્ણથી ૮૨ મા ક્રમે દેવેન્દ્ર નામના રાજા થયા રાજા દેવેન્દ્ર ને ચાર દીકરા થયા આ ચાર દીકરા અસપત ,ગજપત ,નરપત અને ભુપત હતા.

જામ અમીરજી કચ્છ ના રાજા હતા ત્યારે જામરાવળે હમીરજી નું ખૂન કરેલું તેથી તેના ચાર પુત્રો ભાગીને અમદાવાદ આવેલા અને ત્યાં સુલતાન અહમદશાહના નીચેં રહેલા. જામ હમીરજી ની દીકરી કમાબાઈ ના લગ્ન ગુજરાતના સુલતાન મહમદ બેગડાની સાથે થયેલા આથી મહંમદ બેગડા એ તેમને મદદ કરવા એક વિશાળ લશ્કર કચ્છમાં મોકલેલું અને સમગ્ર કચ્છ પર ફરી વળી ને જામરાવળ ને હટાવી દીધો ત્યાંથી ભાગીને સૌરાષ્ટ્રમાં પહોંચ્યો અને ત્યાં નવાનગર (હાલ જામનગર) રાજ્ય સ્થાપ્યું.

આ ચાર કુવરો માં ખેંગારજીને કચ્છના રાવ બનાવીને ગાદીએ બેસાડવામાં આવ્યા. ખેંગારજીએ 1545માં અંજાર ના તોરણ બાંધ્યા તથા 1548માં ભુજ નગર ની સ્થાપના કરી. ત્યારબાદ 1580 રાણપુર વસાવ્યું જે પછીથી માંડવી બંદર તરીકે ઓળખાયું. તેમની રાજધાની ભુજ નગરમાં હતી.

**2. કચ્છ સ્ટેટ ના ચલણી સિક્કાઓ:**

કચ્છના ચલણી સિક્કાઓ 'કોરી' તરીકે ઓળખાતા.આ સિક્કાઓમાં મુખ્યત્વે હિજરી સવંત, વિક્રમ સવંત અને ઈ. સ. નો ઉલ્લેખ જોવા મળે છે આ સિક્કાઓમાં ગુજરાતી ,કચ્છી, દેવનાગરી ,અરબી-ફારસી વગેરે ભાષાના લેખો પણ જોવા મળે છે. કચ્છ સ્ટેટ નો પ્રથમ સિક્કો ખેંગારજી પ્રથમ ના સમયમાં મળી આવ્યો હતો. તેમના શાસનકાળમાં 1533 થી 1585માં ભુજમાંથી પ્રથમ તાંબાના સિક્કા બહાર પાડેલા આ સ્ટેટની ટંકશાળાનું નામ 'ભુજનગર' હતું .ભારમલજી ના સમયથી કચ્છમાં ચાંદીના સિક્કા પાડવાની શરૂઆત થઇ આ વિગતો જહાંગીર ની આત્મકથા 'તુઝૂક-એ- જહાંગીરી માં લખેલ છે.

**2.1 રાવ ખેંગારજીના સિક્કાઓ (ઈ.સ. 1510થી 1558)**

રાવ ખેંગારજી ના સિક્કા ઉપર નજર કરે તો એક તરફ નાગરી માં 'જામ' તેમજ જામશ્રી અને બીજી તરફ ગુજરાતના સુલતાન નું નામ મહમદ લતીફ અને કચ્છી કટાર કંડારવામાં આવેલી જોવા મળે છે ઘણીવાર ખેંગારજી ના સિક્કા નવાનગર ના જામ લખેલા સિક્કાઓ સાથે ભેગા થઈ જાય તો નવા સિક્કા સંગ્રહનો ઓળખ કરવી મુશ્કેલ થઈ જતી.

ISSN: 2321-4708
Vol.1, Issue: 152, April: 2025
Paper ID: RRJ769399
www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-1-issue-152-april-2025/RRJ769399

**2.2. ભારમલજીના સિક્કાઓ(1585-1631):**

ભારમલજી તેના સમયે ત્રાબિયો,ઢીંગલો, અડધી કોરી અને એક કોરી નામના સિક્કા પડાવ્યા હોવાનું જાણવા મળે છે. તાંબાની ધાતુ નો તથા તેનું વજન 4.75ગ્રામ નો હતો. ઢીગલો પણ તાંબાનો ૧૩ ગ્રામ નો હતો.ઉપરોક્ત તમામ સિક્કાઓ હાથ બનાવટના હોવાથી લખાણ પૂરેપૂરું નહોતું લખાયેલું.

**2.3. ભોજરાજજીના સિક્કા (1631-1654):**

તેમના સિક્કા ત્રાબિયો,અડધો,દોકડો,ઢીગલો,એકકોરી,પાકોરી તેવા અલગ-અલગ મૂલ્યના હતા.તેના પર ત્રિશૂલ નુ નિશાની અને પાછળ કટાર પણ જોવા મળતી. તથા નાગરી માં શ્રીભોજજી વંચાય છે. આ ઉપરાંત ગુજરાતના સુલતાન મહંમદ બીન લતીફ અને મુઝફ્ફરશાહ ના નામ મને હિજરી વર્ષ 978 છાપવામા આવતુ.

**2.4. રાયધણજી (બીજા)ના સિક્કા (1778-1813):**

રાયધણજીના સિક્કાઓ પર 'શ્રી રાયધણજી'લખેલું જોવા મળે છે. એ હિન્દુમાંથી પરિવર્તન કરીને ઈસ્લામ ધર્મ અંગીકાર કરેલો ત્યારે તેમને પોતાનું નામ મુરીદરાયસિંધ પ્રસિદ્ધ કરેલું તેના નામમાં તાંબાના સિક્કા તથા ચાંદીના સિક્કા પણ બહાર પાડેલા.

**2.5. દેશળજીના(બીજા) સિક્કા(1819-1860):**

દેશળજી એક તાંબાનો અડધો , ઢીંગલો તથા ચાંદીના  કોરી નામના સિક્કા બહાર પાડેલા આ ઉપરાંત "રાવશ્રી દેશળજી" કંડારાયેલું પણ જોવા મળે છે. આ ઉપરાંત દિલ્હીના મોગલ બાદશાહ મુહમ્મદ અકબર તથા બહાદુરશાહ નું નામ ફારસીમાં જોવા મળે છે. દેશળજી એ સૌ પ્રથમ વાર કચ્છ રાજ્યમાં સોનાના સિક્કા બહાર પાડ્યા હતા.જેનું મુલ્ય અંદાજે ૨૫ કોરીથી 26કોરી જેટલું થતુ હતું.

**2.6. પ્રાગજમલજી (1860 થી 1876)**

બ્રિટિશ સત્તાનો ફેલાવાને કારણે બ્રિટિશરોની રાણી વિક્ટોરિયા નું નામ પોતાના સિક્કાઓ પાછળ કોતરાવ્યું પ્રાગમલજી બીજાના સમયથી જ સિક્કાઓ  ઉપર સિક્કા નું મૂલ્ય લખવામાં આવ્યું તે અગાઉ સિક્કા પર મૂલ્ય લખવામાં નહોતું આવતું તેના સિક્કા પર મહારાવ પ્રાગમલજી ગોળાકાર બાજુએ ફારસીમાં તથા રાણીનું નામ પણ જોવા મળે છે. રાવ પ્રાગમલજી ના સમયમાં અઢીકોરી નામનો ચાંદીનો સિક્કો પ્રથમવાર 1875માં પાડવામાં આવેલો જેનું વજન 7ગ્રામ હતું.આ ઉપરાંત કેટલાક સિક્કાઓ ક્વીન વિક્ટોરિયા  ભુજનગર એમ લખવામાં આવતું.આ ઉપરાંત તેને સોનાની કોરી જેના પર ત્રિશૂલ તથા કટાર નું ચિન્હ તથા વિક્ટોરિયા નુ નામ તથા ઈ. સ. ફારસીમાં લખેલી હોય તેવા પણ સિક્કા બહાર પડ્યા.

**2.7. ખેંગારજી (ત્રીજા) (1876 થી 1942)**

ખેંગારજીએ તેના 66વર્ષના  શાસનકાળ દરમિયાન તેમના નામના તથા વિક્ટોરિયા ક્વીન પછીથી વિક્ટોરીયા ,એડવર્ડસ્મીથ જ્યોર્જ પંચમ જેવા અલગ અલગ અંગ્રેજી રાજવીના નામ વાળા સિક્કા જોવા મળે છે. ખેંગારજી ત્રીજાએ તાંબાના અલગ અલગ ડિઝાઈનના ચાર  તથા ચાંદીના ચાર મૂલ્યના એમ બંને ધાતુ મળીને કુલ ૮ મૂલ્યના સિક્કાઓ બહાર પાડેલા જણાય છે. આ ઉપરાંત તેણે પાંચ કોરી પર 'મહારાજાધિરાજ મિર્ઝા મહારાવ ખેંગારજી બહાદુર લખવામાં આવેલા ખેંગારજીએ કચ્છ ના ઇતિહાસમાં પ્રથમવાર અને છેલ્લીવાર પોતાની મુખાકૃતિ વાળા સિક્કા બહાર પાડેલા છે.

**2.8. વિજયરાજસિહજી (1942 થી 1948)**

વિજયરાજજી એ પ્રથમવાર મુખે બોલાતા  સિક્કના નામને સિક્કાઓ પર કાંડાર્યા હતા.  વિજયરાજસિંહએ તાંબાના ત્રાબિયો, ઢીંગલો, ઢબુ ,પાચલો આધીયો કોરી પંચકોરી અને દસ કોરી નામના અલગ-અલગ મૂલ્યના સિક્કાઓ બહાર પાડ્યા.

RESEARCH REVIEW
The Academic Research Issue
Open Access, Peer-Reviewed & Refereed Journal
An International Multidisciplinary Journal
ISSN: 2321-4708
Vol.1, Issue: 152, April: 2025
Paper ID: RRJ769399
www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-1-issue-152-april-2025/RRJ769399

હતા. આ સિક્કાઓ ઉપર નાગરીયા મહારાજાધિરાજ મિર્ઝા મહારાઉ શ્રી વિજયરાજસિંહ સવાઈ બહાદુર સિક્કાની ગોળ ફરતે લખવામાં આવતું 1947માં દેશ આઝાદ થયા બાદ પાછળની બાજુ સિક્કામાં જય હિન્દ લખાવેલ તથા અંગ્રેજીમાં BHUJ લખેલા વગેરે સિક્કાઓ પણ મળી આવ્યા છે.

**સંદર્ભ સૂચિ**

1. કચ્છ જિલ્લા એટલાસ
2. ગઢવી શંભુદાન, કચ્છ દર્શન, પ્રવિણ પ્રકાશન, કચ્છ.
3. RAJGOR DILIP, STANDARD CATALOGUE OF KUTCH STATE, 2015
4. શતદલ પૂર્તિ (ગુજરાત સમાચાર)24-7-2019
5. શતદલ પૂર્તિ (ગુજરાત સમાચાર) 1-5-2019